# બિપરજોય : બંદરો પર ચાર નંબરનું સિગ્નલ

## હાલ વાવાઝોડું પોરબંદરથી ૪૮૦ કિલોમીટર, દ્વારકાથી ૫૩૦ કિમી અને કચ્છના નલિયાથી ૬૧૦ કિમિ દુર છે

વેરાવળ, તા.૧૧

ગુજરાત પરથી વાવાઝોડાનું સંકટ ટળ્યુ નથી, કારણ કે વાવાઝોડાએ ફરી દિશા બદલી છે. પાકિસ્તાન તરફ ફંટાયેલુ વાવાઝોડું હવે ગુજરાત તરફ આવી રહ્યું છે. બિપરજોય વાવાઝોડા મામલે અતિ મોટા સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, ફરી એકવાર સાયક્લોન બિપરજોયે પોતાની દિશા બદલી છે. હાલ દિશા બદલાતા સાયક્લોન ગુજરાત કાંઠે ટકરાય એવી સંભાવના છે. દક્ષિણપૂર્વી અરબી સમુદ્રમાં ઉદભવેલુ ચક્રવાત બિપરજોય એક્સ્ટ્રીમ સિવિયર સાયક્લોનિક સ્ટોર્મમાં પરિવર્તિત થયું છે. સાયક્લોન બિપરજોય સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠે ટકરાય એવી હાલની સ્થિતિ મુજબની સંભાવના છે. હવે બિપોરજોય વાવાઝોડું ૧૫ જૂન બપોર સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કાંઠે ટકરાઈ શકે એવી સંભાવના છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર કુહી કચ્છ દરિયાકાંઠા માટે યલો એલર્ટ આપ્યું છે. હાલ બિપોરજોય વાવાઝોડું પોરબંદરથી ૪૮૦ કિલોમીટર, દ્વારકાથી ૫૩૦ કિલોમીટર અને કચ્છના નલિયાથી ૬૧૦ કિમિ દૂર છે. જે બતાવે છે કે તે હવે ગુજરાતની નજીક આવી રહ્યું છે. હાલ હવામાન વિભાગ અને રાજ્ય સરકાર વાવાઝોડાની સતત બદલાતી સ્થિતિ પર નજર રાખી રહી છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, વાવાઝોડાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. તેનાથી હવે ગુજરાતને ખતરો વધ્યો છે. જેને કારણે ગુજરાતના કેટલાક બંદરો પર ૪ નંબરનું સિગ્નલ લગાવાયું છે, ત્યારે ગુજરાતના બંદરો પર લગાવાતા આ સિગ્નલના નંબરોનું શું છે ગણિત એ જાણીએ. બિપરજોયની અસરથી ગુજરાતના બંદરો પર ભયજનક સિગ્નલ મૂકાયા છે. અત્યાર સુધી ગુજરાતના તમામ બંદરો પર ૨ નંબરનું સિગ્લન લગાવાયુ હતુ. ત્યારે ભારતીય હવામાન વિભાગ તરફથી આજે રોજ સવારે ૧૦:૦૦ કલાકે મળેલી પોર્ટ ચેતવણી મુજબ કેટલાક બંદર પર ૪ નંબર વોર્નિંગ સિગ્નલ લગાવાયું છે. મોરબીના નવલખી બંદર, પોરબંદરના બંદર અને ઓખા બંદર પર ૪ નંબરનું સિગ્નલ લગાવ્યું છે. હાલ વેરાવળ બંદર પર હાલ બે નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. જેનો ઉપયોગ વાવાઝોડાની ભયાવહતા દર્શાવવા માટે ૧૧ જેટલા સાંકેતિક સિગ્નલ માટે કરવામાં આવે છે. દ્વઢઈહ્ણ સહિત ૈંજીહ્ણ ના કર્મચારીઓ એલર્ટ મોડ પર છે. ત્યારે ગુજરાત મેરીટાઈમ બોર્ડની વેરાવળ ઓફિસના સુરેશ પરમારે જણાવ્યું કે, બંદરો પર લગાવવામાં આવતા જુદા જુદા સિગ્નલના સંકેત અલગ અલગ છે, જેથી સ્થાનિક લોકો તથા માછીમારો તેનાથી એલર્ટ થાય છે.



# દરિયા દેવને ધારાસભ્યએ સંકટ ટાળવા પ્રાર્થના કરી

## વાવાઝોડું શાંત થાય અને કોઇને નુકસાન ન થાય તે માટે પૂજા કરી માં આશાપુરાને ચુંદડી અને શ્રીફળ ચઢાવ્યા

કચ્છ, તા.૧૧

બિપોરજોય વાવાઝોડાથી ગુજરાતના જે પ્રદેશને સૌથી વધુ ખતરો છે એ છે કચ્છ જિલ્લો. આ જિલ્લો માંડ માંડ કુદરતી આપદાઓમાઁથી ઉગારીને બેઠો થવાનો પ્રયાસ કરે ત્યાં ફરી નવી આફત આવી જાય. હાલ વાવાઝોડુ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડું ૧૫ તારીખે બપોરે દરિયાકાંઠે ટકરાવવાનું અનુમાન છે. તેની ગતિ ૧૨૫થી ૧૩૫ કિમી પ્રતિ કલાકની રહેશે. જ્યારે તે ટકરાશે ત્યારે તેની ગતિ ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની સંભાવના છે. પરંતુ આ વાવાઝોડુ કચ્છને વધુ અસર કરે તેવી શક્યતા છે. આવામાં કચ્છવાસીઓ પ્રાર્થના કરી રહ્યા છે કે નુકસાની ન થાય. આવામાં કચ્છના અબડાસાના ધારાસભ્ય ચર્ચામાં આવ્યા છે. સંકટ આવે ત્યારે લોકો પહેલા ભગવાનને યાદ કરે છે. ત્યારે કચ્છના ધારાસભ્યએ પણ સંકટ સામે દરિયા દેવને પગે લાગી દર્શન કર્યા હતા.

વાવાઝોડાથી કચ્છને નુકસાન ન થાય તે માટે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દરિયા દેવના શરણે પહોંચ્યા છે. તેમની સાથે અનેક લોકો દરિયા દેવને પ્રાર્થના કરવા પહોચ્યા હતા. કચ્છ પણ આવનારા સંકટને ટાળવા શ્રદ્ધાળુઓએ મહાદેવને પ્રાર્થના કરી છે. હાલ માછીમારી રૂપી રોટી નથી, પણ વાવાઝોડું આવશે તો રોજી રળી આપતી હોડીને પણ વ્યાપક નુકસાન થવાની ચિંતા માછીમારોને સતાવી રહી છે.

વાવાઝોડાના ખતરા સામે કચ્છમાં આસ્થાના દર્શન થયા હતા. વાવાઝોડું શાંત થાય તે માટે અબડાસાના સ્ન્છ પ્રદ્યુમસિંહ જાડેજાએ દરિયાની પૂજા-પ્રાર્થના કરી હતી. ધારાસભ્યએ જખૌના દરિયા કિનારે પૂજા કરી છે. વાવાઝોડું શાંત થાય અને કોઈને નુકસાન ન થાય તે માટે પૂજા કરી મા આશાપુરાને ચુંદડી અને શ્રીફળ ચઢાવ્યા હતા. હાલ તેમની આ તસવીર સોશિયલ મીડિયા પર ચર્ચા જગાવી રહી છે.

# આજથી રાજયમાં બે દિવસ શાળા પ્રવેશોત્સવ

## ઉજવણી ઉજ્જવળ ભવિષ્યની થીમ સાથે રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કચ્છથી બાળકોને શાળામાં પ્રવેશોત્સવ કરાવશે

ગાંધીનગર, તા.૧૧

'સૌ ભણે, ગણે અને આગળ વધે' તથા સૌને શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહન મળે તેવા ઉમદા આશય સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩થી રાજયમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ઈતિહાસની આ પ્રથમ ઘટના હતી જેમાં મુખ્યમંત્રી સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ગામડે-ગામડે જઈ શાળા પ્રવેશોત્સવ થકી નાના ભૂલકાઓને શાળામાં આવકારતા હતા. વડાપ્રધાનએ શરુ કરેલી શિક્ષણની આ પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ આગામી તા.૧૨ થી ૧૪ જૂન દરમિયાન સમગ્ર રાજ્યમાં ૨૦મો શાળા પ્રવેશોત્સવ યોજાશે.

'ઉજવણી ઉજ્જવળ ભવિષ્ય'ની થીમ સાથે યોજાનારા આ શાળા પ્રવેશોત્સવનો રાજયવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી કચ્છથી બાળકોને શાળામાં પ્રવેશ કરાવીને કરશે.



શાળા પ્રવેશોત્સવના પરિણામે ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ આવી છે. શાળા પ્રવેશોત્સવ શરુ થયો તે પહેલા વર્ષ ૨૦૦૨-૦૩માં ગુજરાતમાં નેટ એનરોલ્મેન્ટ રેટ એટલે કે, ધોરણ -૧માં વિદ્યાર્થીઓનો નામાંકન દર ૭૫.૦૫ ટકા હતો. ધોરણ-૧માં વિદ્યાર્થીઓના નામાંકન દરને ૧૦૦ ટકા સુધી પહોંચાડવા માટે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ શાળા પ્રવેશોત્સવની શરુઆત કરવામાં આવી હતી. જેના પરિણામે બીજા જ વર્ષે ૨૦૦૪-૦૫માં નામાંકન દર વધીને ૯૫.૬૪ ટકા થયો. ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૧૩માં આ નામાંકન દર ૯૯.૨૫ ટકા સુધી પહોંચ્યો અને ત્યારથી અત્યારસુધી ધોરણ-૧માં વિદ્યાર્થીઓનો નામાંકન દર ૧૦૦ ટકાની નજીક જ રહ્યો છે. શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોથી લોકોમાં જાગૃતિ આવી અને નાગરિકો શિક્ષણનું મહત્વ પણ સમજતા થયા. એ સમય હતો જ્યારે અનેક બાળકો વિવિધ કારણોસર અભ્યાસ અધૂરો છોડતા હતા. વર્ષ ૨૦૦૪-૦૫માં રાજ્યમાં ધોરણ ૧ થી ૮ નો ડ્રોપઆઉટ રેટ ૧૮.૭૯ ટકા હતો, અને ધોરણ ૧ થી ૫ નો ડ્રોપઆઉટ રેટ ૧૦.૧૬ ટકા હતો. પરંતુ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અને રાજ્ય સરકારના વિવિધ પ્રયાસોના પરિણામે આજે અભ્યાસ અધૂરો છોડીને જતા બાળકોની સંખ્યામાં ધરખમ ઘટાડો આવ્યો છે.

# ગુજરાતમાં ઓડિશા જેવો ટ્રેન અકસ્માત થતા જ રહી ગયો

## ટ્રેન નજીક આવી ગઈ અને ફાટક પર વાહનો હતા : ફાટકમેને સતર્કતા બતાવી મિનિટોમાં ટ્રાફિક હટાવ્યો હતો

ડીસા, તા.૧૧

૩૦૦ થી વધુ લોકોનો ભોગ લેનાર ઓડિશા ટ્રેન અકસ્માત ક્યારેય નહિ ભૂલાય. ગોઝારો અકસ્માત અનેકોના પ્રાણ લઈ ગયું. ત્યારે આવો જ એક અકસ્માત ફરી થતો રહી ગયો. એક ફાટકમેનની સતર્કતાને કારણે અનેકોના જીવ બચી ગયા હતા. ઉત્તર ગુજરાતના ડીસામા આ ઘટના બની હતી. ડીસામાં ઓડીશા જેવી ટ્રેન હોનારત થતા રહી ગઈ હતી. પેસેન્જર ટ્રેન ફુલ સ્પીડે આવવાની તૈયારીમાં હતી, અને રેલવે ફાટકની વચ્ચોવચ પેટ્રોકેમિકલ ભરેલુ ટેક્નર આડે આવી ગયુ હતું.

બન્યુ એમ હતું કે, ડીસા શહેરમાં એક કાર અને પેટ્રો કેમિકલ ભરેલા ટેક્નરને કારણે હજારો લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. ગત રોજ સાંજે ૫ વાગ્યાની આસપાસ ડીસાના ગોઢા ફાટક પાસે આ ઘટના બની હતી. જેમાં પેસેન્જર ટ્રેન આવવાનો સમય થઈ ગયો હતો. ત્યારે ફાટકમેન ફાટક બંધ કરે તે પહેલા એક કાર અને ટેક્નર વચ્ચે આવીને ફસાઈ ગયુ હતું. આ બાદ ભારે ટેન્શનભર્યો માહોલ સર્જાયો હતો. જોકે, ફાટકમેને સતર્કતા બતાવી હતી. તેણે ગણતરીની મિનિટોમાં ટ્રાફિક હટાવ્યો હતો. વાહનોને બંને બાજુ ખસેડ્યા હતા. આ બાદ પેસેન્જર ટ્રેન સલામત રીતે ત્યાંથી નીકળી ગઈ હતી. ફાટકમેને મહામહેનતે ટ્રાફિક મેનેજ કર્યો હતો. તેણે સિગ્નલ મેનેજ કર્યુ હતું.

ફાટકમેને જણાવ્યું કે, બપોરે ૧ વાગ્યાની આસપાસ ડમ્પર ચાલકે ફાટક તોડ્યુ હતું. તેના બાદ મેં મહામહેનતે ફાટક હાથથી રોકી રોકી હાથથી અન્ય ઓપ્શનવાળી ફાટક બંધ કરીને મહામહેનતે સિગ્નલ બંધ કર્યુ હતું. હુ એક બાજુની હાથથી પાઈપ ખેંચી ફાટક બંગ કરતા તે લોક થયુ હતું. ત્યારે એક સાઈડ પરથી અલટો કાર રેલવે ટ્રેક પર આવી ગઈ હતી. તેની પાછળ એક ટેક્નર પણ ટ્રેક પર આવી ગયુ હતું. સદનસીબે ટ્રાફિક મેનેજ થઈ ગયો હતો. જેથી જાનહાનિ ટળી ગઈ હતી.

આ વાત સાંભળીને રુંવાડા ઉભા થઈ જાય, પરંતુ ફાટકમેનની સલામતને કારણે હજારો મુસાફરોનો જીવ બચી ગયો હતો. ત્યાર બાદ ૩ મિનિટમાં ફુલ સ્પીડામાં પેસેન્જર ટ્રેન ફાટકથી પરથી પસાર થઈ ગઈ હતી.

# વાવાઝોડાથી જામનગરમાં અનેક વૃક્ષો ધરાશાયી

## વાવાઝોડાની અસર : વૃક્ષની નીચે પાર્ક કરેલા વાહનો પણ અડફેટે આવ્યા છે

જામનગર, તા.૧૧

અરબી સમુદ્રમાં સર્જાયેલા બિપોરજોય વાવાઝોડાની અસર વર્તવાનું જામનગરમાં શરૂ થઈ ચૂક્યું છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે વાવાઝોડાના સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં જામનગરનો પણ સમાવેશ થાય છે. શનિવારે બપોર પછી જામનગરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. જેમાં ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. તો શહેરમાં પવનને કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયાના રિપોર્ટ મળી રહ્યા છે. જામનગરમાં બપોર બાદ ઝરમર વરસાદ શરૂ થયો હતો, સાથે જ તેજ ગતિએ પવન ફૂંકાઈ રહ્યો છે. તોફાની પવનને કારણે કેટલાક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થઈ



ગયા છે. તો વૃક્ષની નીચે પાર્ક કરેલા વાહનો અડફેટે આવ્યા છે. શહેરના તારમામદ સોસાયટીમાં એક વૃક્ષ ધરાશાયી થયા બાઈક નીચે દટાયું હતું. આ અંગે માહિતી મળતા જ ફાયર વિભાગની ટિમ ઘટના સ્થળે પહોંચી હતી અને કામગીરી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, વાવાઝોડાની દહેશત વચ્ચે જામનગરનું વાતાવરણ બદલાયું છે.

તોફાની પવન સાથે ધીમી ધારે વરસાદ શરૂ થયો છે. હજુ પણ ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૩થી ૧૪ તારીખે વાવાઝોડાની સૌથી વધુ અસર દેખાય તેવી આગાહી કરવામાં આવી છે.

### ઉદાસીનતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે કેટલાક કિસ્સામાં આ આવાસો પાવર ઓફ એટર્ની કરી વેચાણ પણ આપી દેવામાં આવ્યા છે. ભવિષ્યમાં ફાયદો મેળવવાની પેરવી સાથે આવાસોની ખરીદી માટે ઉત્સુકોની આ હરકતને અટકાવવા માટે પણ બોર્ડ બેઠકમાં મહત્વનો નિર્ણય કરવામાં આવે તેવી સંભાવના છે. ગુડાએ પ્રથમ આવાસ યોજના રાયસણ ,ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવસો તૈયાર કર્યા હતા જયારે આ આવાસો અન્વયે પણ હજુ સુધી ઘણા કિસ્સામાં દસ્તાવેજો થયા નથી જેને અનુલક્ષી તંત્ર દ્વારા પણ અવારનવાર લાભાર્થીઓને જાણ પણ કરવામાં આવી છે.

જો કે હજુ પણ ઘણાં લાભાર્થીઓ દસ્તાવેજની પ્રક્રીયા પુર્ણ કરી નથી. આ સ્થિતિ વચ્ચે સરકારને પણ સ્ટેમ્પ ડ્યુટીની આવક મળવામાં વિલંબ થઈ રહ્યો છે. જયારે અન્ય ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં પણ એમ આઈ જી અને એલ આઈ જી આવાસોમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી રહી છે. આવાસોનો કબજો મેળવી લાભાર્થીઓએ લાંબા સમયથી વસવાટ પણ શરૂ કરી દીધો હોય છતા દસ્તાવેજ કરાવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી.

### અસ્તિત્વ સામે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટેશન પણ નિયત કરાયા છે શહેરના મુખ્ય માર્ગો પર મેટ્રો રેલ ની કામગીરી ચાલી રહી છે જો રૂટ એલીવેટેડ તૈયાર કરવામાં આવી રહ્યો છે. પરંતુ તેના પિલ્લર મુખ્ય માર્ગોની વચ્ચો વચ્ચ ઉભા કરવામાં આવી રહ્યાં છે. આ રૂટ માં સર્કલો પણ અસ્તિત્વ ધરાવે છે સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બ્રિજના બાંધકામ આખરી તબક્કા તરફ હોવાથી રૂટમાં આવતા સર્કલો મેટ્રો ઓથોરિટીને સોંપી દેવામાં આવ્યા છે. જો કે સર્કલો ને યથાવત્ત રાખવા જણાવાયુ છે જેમાં ચ રોડ પર ચ ૨ સર્કલ અને ચ ૫ સર્કલ, છ રોડ પર છ ૪-એ અને છ ૪-બી સર્કલ, ઘ રોડ પર ઘ ૫ સર્કલ તથા ગ-રોડ પર પણ ગ-૫ સર્કલ રૂટ માં છે ત્યારે મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા પણ બ્રિજના પિલ્લરને સર્કલની વચ્ચો વચ્ચ રાખીને સર્કલની યથાવત સ્થિતિ જાળવી રાખવા પ્રયાસ કરાશે જો કે જરૂર પડે તો સર્કલની ડિઝાઈનમાં જરૂરી ફેરફાર કરવામાં આવે તેવી પણ સંભાવના છે છેલ્લા ઘણા સમયથી જાળવણીના અભાવે આકર્ષણ ગુમાવતા સર્કલોના અસ્તિત્વ સામે આમ પણ ખતરો મંડરાયો છે.

### ૧૧ પાકોમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મગફળીનો પાક સૌરાષ્ટ્રનો ગણાતો હોવા છતાં હેક્ટર દીઠ ઉત્પાદન રાજ્યમાં નોંધપાત્ર મેળવી જિલ્લાના ખેડૂતોએ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ઘઉંના ઉત્પાદનમાં પણ રાજ્યની સરેરાશ હેક્ટર દીઠ ઉત્પાદકતા કરતાં જિલ્લામાં વધુ ઉત્પાદકતા નોંધાઈ છે.

### બેઠક બોલાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ માટે પોલીસતંત્રની મદદ લઈને પણ નિચાણવાળા વિસ્તારોના લોકોને સલામત આશ્રયસ્થાનોમાં પહોંચાડવા તેમણે તાકીદ કરી હતી

મુખ્યમંત્રીશ્રી એ વીજળી, પાણી, દવાઓ જેવી આવશ્યક વસ્તુઓના પુરવઠાને જો અસર પહોંચે તો તત્કાલ પુનઃ સ્થાપન માટેની ટીમો, પંપીંગ મશીન્શ, જનરેટર સાહિત વ્યવસ્થાઓ તૈનાત રાખવા સૂચનો કર્યા હતા.

સંભવિત વાવાઝોડાને પગલે તીવ્ર ગતિએ પવન ફુંકાવાની સ્થિતિ સર્જાવાની શક્યતાઓ ધ્યાનમાં લઈને જિલ્લાઓમાં હોર્ડિંગ્સ હટાવી લેવા, માર્ગો પર વૃક્ષો, વીજ થાંભલાઓ પડી જાય તો ત્વરાએ દુરસ્તી કાર્ય હાથ ધરવા માટેની વ્યવસ્થાઓ અંગે શ્રી ભુપેન્દ્ર પટેલે માહિતી મેળવી હતી.

હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક સુશ્રી મોહંતીએ આ સંભવિત વાવાઝોડાની અસર દરિયાકાંઠાના ૬ જિલ્લાઓમાં તેમજ રાજ્યના અન્ય કેટલાક વિસ્તારોમાં મોટા ભાગે ૧૪ જૂનથી દેખાવાની શક્યતાઓ દર્શાવી હતી.

આના પરિણામે ભારેથી અતિભારે વરસાદ, તીવ્ર ગતિએ પવન ફૂંકાવો અને દરિયાઈ મોજા ઉછળવા જેવી સ્થિતિ સર્જાઇ શકે છે એમ તેમણે વાતાવરણના ભાવિ વરતારાનું પ્રેઝન્ટેશન કરતાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ વીડિયો કોન્ફરન્સ બેઠકમાં મહેસુલ, ઉર્જા, માર્ગ-મકાન, વન પર્યાવરણ, બંદરો, સાયન્સ ટેકનોલોજી, પશુપાલન સહિતના વિભાગોના વરિષ્ઠ સચિવોએ ઉપસ્થિત રહીને પોતાના વિભાગે કરેલા આગોતરા આયોજનની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં સમગ્ર રાજ્યમાં ૧૨ થી ૧૪ ત્રણ દિવસ માટે યોજનારો શાળા પ્રવેશોત્સવ બે જ દિવસ ૧૨ અને ૧૩ જૂને યોજવા નિર્ણય કર્યો છે.

એટલું જ નહિ, દરિયાકાંઠાના અને સંભવિત વાવાઝોડાની વધુ અસર થઈ શકે તેવા ૬ જિલ્લાઓ કચ્છ, દ્વારકા, પોરબંદર, જામનગર, જુનાગઢ અને મોરબીમાં શાળા પ્રવેશોત્સવ હાલ પૂરતો મોકૂફ રાખવામાં આવ્યો છે.

### ટકરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજકોટ જિલ્લામાં રાઘવજી પટેલ, પોરબંદરમાં કુવરજી બાવળિયા તેમજ જામનગર જિલ્લામાં મુળુભાઈ બેરા અને દેવભૂમિ દ્વારકામાં હર્ષ સંઘવી, જૂનાગઢ જિલ્લા માટે જગદીશ વિશ્વકર્મા અને ગીર સોમનાથ માટે પરસોત્તમ સોલંકીને જવાબદારી સોંપવામાં આવી છે. આ બધા જ મંત્રીઓને તેમને સોંપાયેલા જિલ્લાઓમાં પહોંચી જવાની સૂચનાઓ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે.

### રક્ષકો અડીખમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોસ્ટગાર્ડના જવાનો પણ સજ્જ છે અને શીપ, એરક્રાફ્ટ, રડાર સ્ટેશન સાથે સજ્જ થઈ ઝ્ર શીપ અને એરક્રાફ્ટની તૈયારીઓ કરી લેવામાં આવી છે. આ સાથે જ તંત્ર પણ વાવાઝોડા સામે સતર્ક છે અને રાજ્યમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. બીદજી તરફ જ્યાં વાવાઝોડું ટકરાવાની પુરેપુરી સંભાવના છે ત્યાં હાલ હવાઈ નિરિક્ષણ કરી દરિયાની આસપાસ રહેલા તમામ ગામો માછીમારોને એલર્ટ કરવામાં આવી રહ્યા છે. બિપોરજોય વાવાઝોડાને લઈ સુરતમાં સતત બીજા દિવસે ડુમસ બીચ બંધ રખાયો છે....બીચ

તરફના માર્ગો પર બીચ બંધ છે તેવા પોસ્ટરો લગાવી ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બિપોરજોય વાવાઝોડાની અસરને પગલે તંત્રએ તકેદારીના પગલા લેવાના શરૂ કરી દીધા છે. સૌરાષ્ટ્રમાં દ્વઢઈહ્ણની ટીમો તહેનાત કરી દેવામાં આવી છે. પોરબંદર, ગીરસોમનાથના ભાલપરામાં ટીમ તહેનાત કરાઈ છે. દ્વઢઈહ્ણની બંને ટીમ બચાવ અત્યાધુનિક સાધનો સાથે સજ્જ છે. ઈન્સ્પેક્ટર વેદ પ્રકાશ યાદવ પોતાની ટીમ સાથે ગીર સોમનાથ પહોંચ્યા છે. દ્વઢઈહ્ણની એક ટીમમાં હાલ ૨૫ જવાનો છે.

બિપોરજોય વાવાઝોડાને પગલે કોસ્ટગાર્ડ એલર્ટ મોડમાં આવ્યું છે. રાજ્યના પડોશમાં મુંબઈ કોસ્ટગાર્ડ દ્વારા દરિયામાં માછીમારી કરતી બોટ અને જહાજોને એલર્ટ કર્યા છે. વાવાઝોડાનો ખતરો વધતા માછીમારોને બોટ લઈને તાત્કાલિક બંદર પર આવી જવા સુચના અપાઈ છે. કોસ્ટગાર્ડના જહાજો અને ડોનિયર એરક્રાફ્ટે દરિયામાં માછીમારી કરતાં માછીમારોને સાવચેત કર્યા છે. અને કંટ્રોલરૂમથી પણ દરિયામાં ગયેલા જહાજો અને બોટને એલર્ટ કરાયા છે. હાલ વાવાઝોડાની સ્થિતિ જોતા તંત્ર સાથે કોસ્ટગાર્ડ પણ કામે લાગ્યું છે. બીજી તરફ કેન્દ્રીય હવામાન વિભાગ આ અંગે કહી રહ્યું છે કે ૧૫મી જૂન ગુજરાતીઓ માટે સૌથી ભયાનક અને અતિગંભીર હશે. બિપોરજોય વાવાઝોડું કાચા મકાનોને તબાહ કરી શકે છે. તો વીજ પોલ, મોબાઈલ ટાવરને પણ નુકસાન થઈ શકે છે. માત્ર એટલું જ નહીં બિપોરજોય વાવાઝોડું તાઉતેની જેમ ટકરાશે અને ખેતરમાં ઉભા પાકને તબાહ કરી નાખશે તેવું પણ અનુમાન સામે આવ્યું છે. જેના પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે બાગાયતી પાકોનો કચ્ચરઘાણ વાળી શકે છે. ગુજરાત પર વાવાઝોડા સાથે વરસાદનું પણ મહાસંકટ સામે આવ્યુ છે. હવામાન વિભાગના મતે ૮ ઈંચથી પણ વધુ વરસાદ વરસી શકે છે. કચ્છ, દ્વારકા, પોરબંદરમાં ઘાતક વરસાદ પડી શકે છે. તો જામનગરમાં પણ અત્યંત વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દ્વારકા, પોરબંદર, જામનગરમાં તિવ્ર પવન પણ રહેશે. ૧૩૫ કિમીની ઝડપથી પવન ફૂકાઈ શકે છે.